મે.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મુ .ં મોરબી.

ફોજ.કેસ નં.૨૩૨૯/૨૦૨૬

આંકઃ–

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– ઈમરાનહસન આમીરહસન (વાહન નં. જી.જે.૧૨.એ.ઝેડ. ૭૦૧૦)

રહે. વોર્ડ ન.૧૨, વીલાસપુર/રામપુર, ઉતરપ્રદેશ

ગુન્હો. મોટર વ્હીકીલ એકટ ૧૯૮૮ ની કલમ ૧૭૭,૧૯૦ (૨)મુજબ.

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ચલણ નંબર. GJ37731250811120210 તથા વાહન નંબર. GJ.12.A.Z.7010 મોટર વ્હીકીલ એકટ ૧૯૮૮ ની કલમ ૧૭૭,૧૯૦ (૨) મુજબના ગુન્હા અંગેનું તહોમતનામું છે.

(૨) આરોપીને ચાર્જશીટ સાથે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરતાં આરોપીને ગુન્હાની કબુલાત પુરસીસ આપતાં તેમના સામેના ગુન્હાની અને સજાની વિગત વાંચી સમજાવી આરોપીની પ્લી લેતાં ગુન્હો કબુલ કરેલ છે.આરોપીને તેની સામેના ગુન્હાની સજાની જોગાઈથી વાકેફ કરી પુછતાં સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ હોવાનું જણાવેલ છે.જે ગ્રાહય રાખી આરોપીને સદરહું ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૩)આરોપીએ રજુઆત કરેલ છે કે, પોતે ગરીબ માણસ છે પોતાની ઉપર કુટબના ભરણપોષણનો આધાર છે.તેનો આ પ્રથમ ગુન્હો છે.ગુન્હા સબંધે પસ્તાવો કરે છે.ભવિષ્યમાં આવો ગુન્હો કરે તેવી ખાતરી આપે છે.જેથી રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ ભુતકાળમાં આવા ગુન્હા કરેલાનું રેકર્ડ ઉપર ફલીત થતું

નથી.આરોપી ગરીબ માણસ હોય તેનો પ્રથમ ગુન્હો હોય તેના સામેના ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ સજાની જોગવાઈ ધ્યાને લઈ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:હુકમ:

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ ૨૭૫ મુજબ મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭,૧૯૦ (૨) ના ગુન્હામાં કસુરવાન ઠરાવી રૂ.૭૦૦/–(અંકે રૂપીયા સાતસો પુરા) દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો ૨ (બે) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મોરબી
તા.૧૪/૦૩/૨૦૨૬

ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
મોરબી.
જી.જે. ૦૦૭૪૫

-